# ગુડાએ અડાલજ ટી પી વિસ્તારમાં રસ્તા ખુલ્લા કરવા માટે અભિયાન હાથ ધર્યુ

## રસ્તાના પઝેશન બાદ હવે પાણીની લાઇન અને માર્ગ નિર્માણની કામગીરી હાથ ધરાશે

ગાંધીનગર તા ૧૧

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા ગુડા વિસ્તારમાં માળખાગત સુવિધાના કામો તેજ બનાવવા માટે આયોજન કરવામા આવી રહ્યુ છે. આ માટે ગુડાએ ટી પી વિસ્તારમાં રસ્તા ખુલ્લા કરી પઝેશન મેળવવા માટે પ્રક્રીયા શરૂ કરી દીધી છે. ગુડા દ્વારા આજે ટી પી ૧૦, ૧૧ અડાલજ વિસ્તારમાં ચાર રીઝર્વ પ્લોટ અને ૩૦ મીટરના રસ્તાને ખુલ્લો કરવામા આવ્યો હતો હજુ આ કામગીરી ચાલુ રહેશે જયારે રસ્તાઓનુ પઝેશન મેળવી લેવાયા બાદ પાણીની લાઈન સહીતના માળખાગત સુવિધાના કામો તેજ બનશે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા નવા ટી પી વિસ્તારમાં માળખાગત સુવિધાના કામો ઝડપથી હાથ ધરવામાં આવે તે માટે આયોજન કરવામાં આવી રહ્યુ છે. ટી પી વિસ્તારમાં અદ્યતન સુવિધાઓ ઉભી કરવા તબક્કાવાર નવા કામો હાથ ધરવામાં આવશે. ગુડા દ્વારા હાલ પેથાપુર , વાવોલ અને સરગાસણ વિસ્તારમાં નવા ૨૧૦૦ એલ આઈ જી આવાસો બાંધવા માટે પણ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. જયારે આગામી દિવસોમાં હજુ પણ નવા આવાસો બાંધવામાં આવશે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી ગુડા વિસ્તારમાં આવાસોની જાળવણી થતી નથી જેના લીધે રહીશો પરેશાન છે. બીજીતરફ ગુડા વિસ્તારમાં પણ કલીન સીટી અને ગ્રીન સીટીના કન્સેપ્ટને પણ વેગ આપવામાં આવી રહ્યો છે.

એકબાજુ સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતા નગરમાં પણ પાણી ગટર લાઈનને અપગ્રેડ કરવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. દાયકાઓ જુની લાઈન દુર કરી નવી નાંખવામાં આવી રહી છે. જયારે ગુડા વિસ્તારમાં આગામી બે દાયકાથી વધુ સમયને ધ્યાનમાં રાખી નતનવા વિકાસ કામો તેમજ માળખાગત સુવિધાની કામગીરીનુ આયોજન કરવામાં આવી રહ્યા છે. જયારે ગુડાના ટી પી વિસ્તારમાં હાલ રસ્તા ખોલવા માટે પણ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. ગુડાના તંત્ર દ્વારા આજે ટી પી ૧૦ , ૧૧એ અને બી અલબત્ત અડાલજના વિસ્તારમાં રસ્તા ખુલ્લા કરી પઝેશન મેળવવા માટે પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી. આ દરમિયાન ચાર રીઝર્વ પ્લોટ અને ૩૦ મીટરના લંબાઈના રસ્તાનો કબજો મેળવવા પણ ગતિવિધિ હાથ ધરવામાં આવી હતી.

પઝેશન લેવાની આ પ્રક્રીયા હજુ આગામી દિવસોમાં અભિયાન ચાલુ રહેશે ત્યારબાદ આ ટી પી વિસ્તારમાં પાણીની લાઈન તેમજ માર્ગ નિર્માણની કામગીરી પણ શરૂ કરી દેવાશે. ગુડા વિસ્તારમાં નવા માર્ગો બનાવવા માટે તેમજ પાણીની નવી લાઈન નાંખવા સહીત સ્ટ્રીટ લાઈટના માળખાગત સુવિધાના કામોને હવે વેગ મળશે.



ગાંધીનગરમાં આ વર્ષે શેરી ગરબાની રમઝટ જામી છે. સેકટરોની શેરીઓમાં રોજ રાત્રિના ખૈલેયાઓ ઉત્સાહભેર ગરબે ઘુમતા જોવા મળી રહ્યા છે. સે-૨૭ ગાયત્રી સોસાયટીમાં પણ અંબાજી મંદિરના ચોકમાં નવરાત્રિ મહોત્સવ અન્વયે ગરબાની રમઝટા જામી છે. જેમ નવરાત્રિના દિવસો વિતતા જાય છે તેમ ગરબા રસિકો મનભેર ગરબે ઘુમતા જોવા મળે છે. જો કે રોશનની જગમગાટ વચ્ચે નવરાત્રિ મહોત્સવનો રંગ જામ્યો છે.

# 'મહાત્મા વોર્ડ'માં હારેલા ઉમેદવારની 'ગાંધીગીરી'થી નાગરિકો પ્રભાવિત..!!

ગાંધીનગર, તા.૧૧

તાજેતરમાં જ ગાંધીનગર મહાનગરપાલિકાની ચુંટણીઓ યોજાઇ અને તેનું પરિણામ પણ આવી ગયું છે. જીતેલા ઉમેદવારોને અત્યારે ફુલડે વધાવાઇ રહ્યાં છે જ્યારે હારેલાં ઉમેદવારો હજુ પોતાની હારના કારણો અંગે મનોમંથનમાં છે. જો કે ગાંધીનગર મહાનગરપાલિકાની ચુંટણીમાં પહેલીવાર ઝંપલાવનાર અને સમગ્ર પ્રચાર દરમ્યાન શહેરીજનોથી માંડીને તમામ રાજકીય પક્ષોનું ધ્યાન આકર્ષિત કરનાર આમ આદમી પાર્ટીના મહાત્મા મંદિર વોર્ડના એક મહિલા ઉમેદવારે પોતાની 'ગાંધીગીરી'થી નવો જ ચીલો ચાતર્યો છે.



ગાંધીનગર મહાનગરપાલિકાના વોર્ડ નં.૬ જે વોર્ડનું નામ 'મહાત્મા મંદિર વોર્ડ' છે જેમાં આમ આદમી પાર્ટીએ ગોકુળપુરાના સ્થાનિક પ્રશ્નોને વાચા આપીને અવાજ ઉઠાવનાર સામાજિક કાર્યકર ભૂમિબેન રઘુભાઈ રબારીને ટિકીટ આપી હતી. ભૂમિબેન રબારીએ પ્રચાર કાર્ય દરમ્યાન પણ સમગ્ર વોર્ડના વિવિધ સ્થાનિક પ્રશ્નો અંગે કાર્યરત રહીને વોર્ડમાં લોકપ્રિયતા હાસંલ કરી હતી અને ચુંટણીમાં પણ નોંધપાત્ર મત મેળવવા છતાં તેમની હાર થવા પામી હતી. જોકે પોતે ચુંટણી હારી ગયાં હોવા છતાં આજે પોતાના વોર્ડમાં ગોકુળપુરા વસાહતમાં ઘરે ઘરે ફર્યા હતા અને વસાહતીઓ પાસે જઈને સહકાર આપવા બદલ મતદારોનો આભાર માન્યો હતો. એટલું જ નહીં તેમણે વસાહતીઓને તેમના વોર્ડમાં સ્થાનિક સમસ્યાઓના ઉકેલ માટે પહેલાની જેમ જ કાર્યરત રહેવાની બાંહેધરી આપી હતી. ભૂમિબેન રબારીની આ 'ગાંધીગીરી'થી મતદારો પણ પ્રભાવિત થયાં હતાં.

### ગાંધીનગર ખાતે આદિવાસી જનનાયક બિરસા મુંડાની પ્રતિમાનું લોકાર્પણ

આદિવાસી જનનાયક 'બિરસા મુંડા'ની ભવ્ય પ્રતિમાનું બિરસા મુંડા ભવન, સેકટર-૧૦, ગાંધીનગર ખાતે આદિજાતિ વિકાસ મંત્રી નરેશભાઈ પટેલના હસ્તે તેમજ કેન્દ્રીય વન-પર્યાવરણ રાજ્યમંત્રી અશ્વિની કુમાર ચૌબે અને આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી નિમિષાબેન સુથારની પ્રેરક ઉપસ્થિતિમાં લોકાર્પણ કરવામાં આવ્યુંહતું. આ લોકાર્પણ પ્રસંગે ઉચ્ચ અને તકનીકી શિક્ષણ રાજ્યમંત્રી કુબેરભાઈ ડિંડોર, કુટિર ઉદ્યોગ-સહકાર મંત્રી જગદિશભાઈ પંચાલ, કલ્પસર-મત્સ્યોદ્યોગ રાજ્યમંત્રી જીતુભાઈ ચૌધરી, ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયા, ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, આદિજાતિ વિકાસ વિભાગના સચિવ ડૉ. એસ. મુરલીક્રિષ્ના, આદિજાતિ વિકાસ કમિશનર દિલીપ રાણા સહિત ઉચ્ચ અધિકારી-કર્મયોગીઓ ઉપસ્થિત રહી પ્રતિમાને પુષ્પ અર્પણ કર્યા હતા.

# વર્લ્ડ સ્પેસ વીકની ઉજવણીએ વિદ્યાર્થીઓને સ્પેસ રીસર્ચ માટે પ્રેરીત કર્યા

## સાયન્સ સિટી ખાતે વર્લ્ડ સ્પેસ વીક દરમિયાન ૨૫૦૦ જેટલાં વિદ્યાર્થીઓએ માર્સની વર્ચ્યુયલ સફર કરી અને ૩૨૦ જેટલાં મુલાકાતીઓ મૂન પર ચાલ્યા

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત સાયન્સ સિટી, ગુજકોસ્ટ અને સાક-ઈસરો દ્વારા ૪ થી ૧૦ ઓક્ટોબર દરમિયાન 'અવકાશમાં મહિલાઓ' થીમ આધારિત વર્લ્ડ સ્પેસ વીકની ઉજવણી અંતર્ગત પ્રત્યક્ષ અને વર્ચ્યુયલ રીતે વિદ્યાર્થીઓ, શિક્ષકો અને મુલાકાતીઓ માટે સાયન્સ સિટી ખાતે વિવિધ પ્રોગ્રામ અને આઉટરિચ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રોગ્રામનું ઉદ્‌ઘાટન સ્પેસ એપ્લિકેશન્સ એન્ડ સેન્ટરના ડાયરેક્ટર નિલેષ એમ દેસાઇ દ્વારા વર્ચ્યુયલ પ્લેટફોર્મ પર કરતાં જણાવ્યું હતું કે 'સ્પેસ શોધ ભવિષ્યમાં માનવીનું જીવન વધુ સારું બનાવે તેવી ટેકનૉલોજી વિકસાવવા માટે આકર્ષક, ઉત્સાહવર્ધક અને આશાસ્પદ માર્ગ બતાવે છે.'

સાક-ઈસરોના ડેપ્યુટી ડાયરેકર ટી.વી.એસ.રામે સ્પેસ વીક સેલિબ્રેશનના મહત્વ સમજાવ્યાં બાદ ગૃપ ડાયરેકટર ડો. પારૂલ પટેલે વર્લ્ડ સ્પેસ વીકની થીમને કેન્દ્રમાં રાખી જણાવ્યું કે 'ઘણા માટે સ્પેસ રહસ્યોથી ભરેલું અને આશાસ્પદ છે અને આપણે તે દિશામાં શોધ કરીને આપણી નવી પેઢીને વિવિધ પડકારોનો સામનો કરવા માટે પ્રોત્સાહિત કરી શકીએ'. આ પ્રસંગે ગુજકોસ્ટના એડવાઈઝર ડો. નરોત્તમ સાહુએ જણાવ્યું કે "અવકાશ હમેશા સંસ્કૃતિઓના પ્રારંભથી જ માનવજાત માટે મહત્વનુ રહ્યું છે. સ્પેસ વિષે જાણવાની ઉત્સુકતા જ વિવિધ વિજ્ઞાન વિષે જાણવા માટે પ્રેરિત કરે છે. સાયન્સ સિટી કેમ્પસ ખાતે પણ એસ્ટ્રોનોમી અને સ્પેસ સાયન્સની ખાસ ગેલેરીઓ તૈયાર કરવામાં આવી રહી છે જે ડિજિટલ પ્લાનેટોરીયમ અને સ્પેસ ઓબ્ઝર્વેટરી સાથે ૨૦૨૨ સુધી તૈયાર થઈ જશે.




સમાપને વિવિધ શૈક્ષણિક અને આઉટરીચ એક્ટિવીઝ જેમકે હેંડ્સ ઑન ડેમોન્સ્ટ્રેશન્સ, માઈન્ડસ ઑન એક્સપોઝર, સ્પેસ સાઈન્ટિસ્ટ સાથે વાર્તાલાપ, સ્પેસ સાયન્સ મુવીનું ખાસ સ્ક્રિનિંગ અને વર્ચ્યુયલ ટુર દ્વારા કરવમાં આવ્યું હતું. હૉલ ઓફ સ્પેસના સાયંટિફિક ક્યુરેટર રાજૂ એન અમલાનીએ જણાવ્યુ કે "ઉજવણી દરમિયાન આશરે ૨૫૦૦ જેટલાં વિદ્યાર્થીઓએ હોલ ઓફ સ્પેસ ખાતે માર્સની વર્ચુયલ રાઈડ, જયારે ૩૨૦ જેટલા વિદ્યાર્થીઓ-મુલાકાતીઓને વર્ચ્યુઅલ મુન વૉકનો મોકો મળ્યો હતો". ઉજવણીમાં સાક-ઈસરોના મહિલા વૈજ્ઞાનીઓ ડો.શ્વેતા શર્મા, પૂર્વી જોશી, કિરલ ઘોડાદ્રા, દુર્ગા દિગદરસીની, એકતા ડોગરા, ધીરા સક્સેના, પ્રિયા આર, નેહા અગ્રવાલ, પ્રિયંકા નટાની, હર્શિદા મોદી અને રિચા શ્રીવાસ્તવ દ્વારા માહિતીસભર પ્રેઝંટેશન સાથે રજૂઆત કરાઈ હતી. સાયન્સ સિટીના પુલકેશ પ્રજાપતિ, હર્શિદા પટેલ, દિલિપ પટેલ અને ભરત દ્વારા સમગ્ર પ્રોગ્રામનું સંકલન કરવામાં આવ્યું હતું.

### ડેન્માર્કના વડાપ્રધાને લીધી ગરવી ગુજરાત ભવનની મુલાકાત

ગાંધીનગર, તા. ૧૧

ડેન્માર્કના વડાપ્રધાન મેટે ફ્રેડરિક્સને આજે દિલ્હી ખાતે નવનિર્મિત ગરવી ગુજરાત ભવનની મુલાકાત લીધી હતી. આ ભવનનુ ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સપ્ટેમ્બર ૨૦૧૯માં ઉદ્‌ઘાટન કર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની જન્મભૂમિ એવા ગુજરાતનો સુપેરે પરિચય કેળવી શકાય એવા હેતુથી ડેન્માર્કના વડાપ્રધાને નવી દિલ્હીના આ નવા ભવનની મુલાકાત લીધી હતી.

ગુજરાત સરકારે દિલ્હીમાં નવા ભવન ખાતે પરંપરાગત ગુજરાતી સંગીતકારો સાથે ગરબા અને દાંડિયારાસનું આયોજન કરી ડેન્માર્કના વડાપ્રધાનના પરંપરાગત સ્વાગત કર્યુ હતું. સુ.શ્રી મેટે ફ્રેડરિક્સને ગરવી ગુજરાત ભવનમાં આવેલા સોવેનિયર શોપ 'ગુજરાત હેન્ડલૂમ એન્ડ હેન્ડિક્રાફ્ટ્સ'ની મુલાકાત પણ લીધી હતી. એક મહિલા તરીકે તેમણે 'સખીમંડળ યોજના'માં ઘણો ઊંડો રસ લઈને માહિતી મેળવી હતી. આ યોજના ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના કાર્યકાળ દરમિયાન મહિલા સશક્તિકરણના ઉદ્દેશથી શરૂ કરવામાં આવી હતી.



સ્માર્ટ કિડસ નર્સરી સ્કુલ દ્વારા બાળકો અને તેમના પરિવારજનો માટે ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. નાના નાના ભૂલકાંઓ ટ્રેડિશનલ વસ્ત્રો પહેરીને મોજથી ગરબે ઘુમ્યા હતા. બાળકોને વિવિધ કેટેગરીમાં પુરસ્કાર આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

### રાજ્યમાં કોરોનાના ૨૧ નવા કેસ

ગાંધીનગર, તા.૧૧

રાજ્યમાં કોરોનાના કેસ એક અંક સુધી પહોંચીને ફરી એકવાર દ્વિઅંકી થઇ ચુક્યા છે. રાજ્યમાં આજે કોરોનાના ૨૧ નવા કેસ સામે આવ્યા છે. તો બીજી તરફ ૧૮ દર્દીઓ સાજા પણ થઇ ચુક્યા છે. અત્યાર સુધીમાં કોરોનાને કારણે ૮,૧૫,૮૯૦ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. રાજ્યમાં રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. આજે કુલ ૩,૭૪,૭૪૫ રસીના ડોઝ અપાયા હતા. જેના કારણે રાજ્યનો કોરોના રિકવરી રેટ પણ સુધરીને ૯૮.૭૬ ટકાએ પહોંચી ચુક્યો છે. રાજ્યમાં હાલમા કુલ ૧૮૬ એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૬ નાગરિકો વેન્ટિલેટર પર છે. ૧૮૦ નાગરિકો સ્ટેબલ છે. ૮,૧૫,૮૯૦ નાગરિકો અત્યાર સુધીમાં ડિસ્ચાર્જ થઇ ચુક્યા છે.



### જે.એમ. ચૌધરી વિદ્યાલયની બહેનો રમતગમત ક્ષેત્રે પ્રથમ નંબરે

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સેકટર-૨૩ ખાતે જિલ્લા કક્ષાની કબડ્ડી, ખો-ખો, વોલીબોલ સ્પર્ધા યોજાઈ હતી. જેમાં જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિયાલય ગ્રાન્ટેડ વિભાગની બહેનોએ પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો છે. આ તમામ ખેલાડીઓને આચાર્યબેન રમીલાબેન એસ. ચૌધરી તેમજ શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આ ત્રણેય રમતમાં સિલેકશન પામેલ વિદ્યાર્થીની બહેનો રાજય કક્ષાએ રમવા જશે અને જિલ્લાનું તેમજ શાળાનું ગૌરવ વધારશે તેવી શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

# ગ્રામ્ય સ્તરે વધતા કોરોનાના કેસોથી તંત્રની ચિંતા વધી

## છેલ્લા ૫ દિવસના આંકડા આંખો ઉઘાડનારા : અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ કોર્પોરેશનની તુલનાએ વલસાડ અને જિલ્લા સ્તરે કોરોનાના કેસ વધારે

અમદાવાદ, તા.૧૧

ગુજરાતમાં ૨૦૨૦ માં કડક લોકડાઉનમાંથી પસાર થઈ ચુકેલા લોકો ને રાહત આપવા માટે દિવાળીમાં છુટછાટ આપવામાં આવી હતી. જો કે આ રાહત પછીથી ગુજરાતને ખુબ જ મોંઘી પડી હતી.

બીજી લહેર દિવાળી બાદ જ શરૂ થઈ હતી અને ત્યાર બાદ જે સ્થિતિનું સર્જન થયું તેના સાક્ષી આપણે તમામ લોકો છીએ. જો કે આ વખતે આની શરૂઆત નવરાત્રીથી થઈ હોય તેમ લાગી રહ્યું છે. કોરોનાની બીજી લહેર હાલ શાંત પડી છે જેના પગલે સરકાર દ્વારા મોટા ભાગના નિયમોમાં છુટછાટ આપવામાં આવી છે. જેટલા નિયમો રાખવામાં આવ્યા છે તેમાં પણ ખુબ જ ઢીલાશ વર્તવામાં આવી રહી છે.

નવરાત્રીમાં મોટા આયોજન પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે જો કે સોસાયટી સ્તરે ૪૦૦ લોકોની છુટ આપવામાં આવી છે. જો કે આ ૪૦૦ લોકો પણ વેક્સિન સર્ટિફિકેટ સાથે હોવા જોઈએ તેવો નિયમ બનાવાયો છે, જો કે દારૂબંધીની જેમ આ નિયમનું પાલન કેટલું કડકાઈથી થાય છે તે દરેક લોકો જાણે છે. તેવામાં કોરોના કેસ સિંગલ ડિઝિટમાં આવી ગયા હતા તે ફરી એકવાર ડબલ ડિજિટમાં થઈ રહ્યા છે અને ઝડપથી વધી પણ રહ્યા છે. ત્રીજી વેવ અંગે જે પ્રકારની આગાહી છે તે જ પ્રકારે ગ્રામ્ય વિસ્તારો અને ઓછી વસ્તી ધરાવતા વિસ્તારોમાં ઝડપથી વધી રહ્યા છે.

છેલ્લા બે દિવસ દરમિયાન આવેલા કોરોનાના આંકડાઓ પર નજર કરીએ તો અમદાવાદ કોર્પોરેશન, સુરત, વડોદરા અને રાજકોટ કોર્પોરેશનની તુલનાએ વલસાડ અને જિલ્લા સ્તરે કોરોનાના કેસ વધારે સામે આવ્યા છે. ૮ તારીખના આંકડા પર નજર કરીએ તો અમદાવાદ કોર્પોરેશનમાં એક પણ કેસ નથી તો સામે વલસાડમાં સૌથી મોટો કોરોનાનો આંકડો છે. તેવામાં ત્રીજી લહેર અને તે પણ ગ્રામ્ય સ્તરે આવે તેવી શક્યતાઓ નકારી શકાય નહી. કારણ કે હવે દિવાળી નજીકમાં છે તેવામાં ફરી એકવાર લોકો શહેરી વિસ્તારોમાં ખરીદી કરવા માટે ઉમટી પડશે. ગત્ત વર્ષે પણ અમદાવાદના ભદ્રમાં કોરોનાના ડર છતા પણ જેપ્રકારે લોકો ખરીદી કરવા માટે ઉમટી પડ્યાં હતા જે ખુબ જ ઘાતક સાબિત થયુંહતું.

### લીલાવતી હોસ્પિટલના ટ્રસ્ટીઓ જણાવે છે કે વિરોધિ જૂથે મહામારીમાં વકિલોની ફી પાછળ રૂ. ૭ કરોડ ખર્ચ્યા છે

મુંબઈ અને ગુજરાતમાં પાલનપુર ખાતે લીલાવતી હોસ્પિટલનું સંચાલન કરતા લીલાવતી કીર્તિલાલ મહેતા મેડિકલ ટ્રસ્ટના ટ્રસ્ટી પ્રશાંત મહેતાએ આરોપ મૂક્યો છે કે તેમના વિરોધિ જૂથે વકિલોની ફી ચૂકવવાના બહાને મોટી રકમની ઉચાપત કરી છે.

વાસ્તવમાં પ્રશાંત મહેતા કે જે લીલાવતી કીર્તિલાલ મહેતા મેડિકલ ટ્રસ્ટના ટ્રસ્ટી છે તેમણે પત્રકારોને જણાવ્યું હતું કે 'વિજય મહેતા, પ્રબોધ મહેતા, રશ્મી મહેતા, રેખા શેઠ અને અન્ય લોકોએ કોવિડ-૧૯ મહામારી શરૂ થયા પછી વકિલોની લીગલ ફી પાછળ રૂ.૭ કરોડથી વધુ રકમ ખર્ચી છે. આ નાણાં બોર્ડ અને ચેરિટી કમિશ્નરની મંજૂરી લીધા વગર ચૂકવવામાં આવ્યા છે.' જેમના માતા-પિતા કિરીટ અને ચારૂ મહેતાની નિમણુંક ફાઉન્ડર ટ્રસ્ટી તરીકે કરાઈ હતી તે પ્રશાંત મહેતા જણાવે છે કે લેઝરની એન્ટ્રીઓમાંથી જાણવા મળ્યું છે કે વકિલોને જંગી રકમ ચૂકવીને કેશ એડજેસ્ટમેન્ટ કરવામાં આવ્યું છે.

તેમણે જણાવ્યું કે છેલ્લા ૧૦ થી ૧૨ વર્ષમાં ટ્રસ્ટીઓએ તેમના વ્યક્તિગત કાનૂની કેસમાં રૂ.૫૦ કરોડની કાનૂની ફી ચૂકવી છે. વ્યક્તિગત કાનૂની વિવાદોમાં કાયદો નેવે મૂકીને ટ્રસ્ટના ભંડોળનો ઉપયોગ કરીને આ ટ્રસ્ટીઓએ તમામ ધોરણોનો ભંગ કરીને ટ્રસ્ટમાંથી મોટી રકમની ઉચાપત કરી છે.

### જવાનો શહીદ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આતંકીઓને સરન્ડર કરવા માટે કહ્યું હતુ. પરંતુ આતંકીઓએ સેનાના જવાનો પર અંધાધૂંધ ફાયરિંગ શરૂ કરી દીધુ હતુ. જે બાદ સેનાએ પણ જવાબી કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં ઠાર મરાયેલા એક આતંકીની ઓળખ ઈમતિયાઝ અહમદ ડાર તરીકે થઈ છે. તે ટીઆરએફ આતંકી સંગઠન સાથે સંકળાયેલો હતો. શાહગુંડમાં તેણે એક કાર ચાલકની હત્યા કરી હતી.

કાશ્મીરમાં છેલ્લા કેટલાંકદિવસોમાં અનેક હત્યાઓ થઈ છે. જે બાદ કાશ્મીરમાં દહેશત ફેલાઈ છે. જે બાદ સેનાના જવાનો પણ અલર્ટ બન્યા છે. ત્યારે હવે સુરક્ષાબળે આ હત્યાઓમાં સામેલ આતંકીને ઠાર માર્યો છે. પૂછપરછમાં ખબર પડી કે, લશ્કર-એ-તૈયબા આતંકી સંગઠને આતંકીઓને નાગરિકોની હત્યા કરવાની જવાબદારી સોંપી હતી. જેથી આવું કરીને તેઓ કાશ્મીરમાં ડરનો માહોલ ઊભો કરી શકે.

આ સિવાય અનંતનગારમાં પણ એક આતંકીને ઠાર મારવામાં આવ્યો છે. એની પાસેથી સેનાએ પિસ્તોલ પણ કબજે કરી છે. કહેવાય છે કે, એ પણ આ ગ્રૂપની જેમ જ કામ કરતો હતો. કારણ કે છેલ્લાં દિવસોમાં કાશ્મીરમાં જે હત્યા થઈ હતી તેમાં પિસ્તોલનો જ ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### બંધનું એલાન... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અને સ્થિતિનો તકાજો મેળવ્યા બાદ જ બસોને ડેપોમાંથી બહાર કાઢવામાં આવશે. બસો પર કરવામાં આવી રહેલા હુમલાને લઈ મહારાષ્ટ્ર સરકારના મંત્રી નવાબ મલિકે નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું કે, 'મહાવિકાસ અઘાડી દ્વારા બંધની જાહેરાત કરવામાં આવી હતી. અમારી માગણી અને અવાજને જનતાનું સમર્થન મળ્યું છે. અનેક જગ્યાએ આ બંધ શાંતિપૂર્ણ જોવા મળ્યું. કેટલીક જગ્યાએ પથ્થરમારાની ઘટનાઓ પણ સામે આવી જે યોગ્ય નથી. લોકો આ પ્રકારની હરકતો ન કરે.'

સવારથી જ મુંબઈ અને તેની આસપાસના વિસ્તારોમાં બંધની અસર દેખાવાનું ચાલુ થઈ ગયું હતું. દુકાનો અને કોમર્શિયલ માર્કેટ બંધ રાખવામાં આવ્યા છે. જરૂરિયાતની ચીજ-વસ્તુઓ વેચતી દુકાનોને પણ બંધ કરાવવામાં આવી છે.

વેપારીઓના કહેવા પ્રમાણે બંધના સમર્થનમાં તેઓ અડધો દિવસ દુકાનો બંધ રાખશે. સાંજે ૪:૦૦ વાગ્યા બાદ દુકાનો ખુલી જશે. પુણેની શાકભાજી મંડી પણ બંધના સમર્થનમાં રહી. પુણે એપીએમસીના એડમિનિસ્ટ્રેટરના કહેવા પ્રમાણે ત્યાં શાકભાજી અને ફળની દરરોજ ૮૦૦-૯૦૦ ગાડીઓ આવે છે પરંતુ ગઈકાલે ૨૦૦ વાહનો જ આવેલા અને આજે મંડી બંધ રહેશે.

### ખાત્મો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ધરપકડ કરાયેલા વ્યક્તિએ પોતાના પાકિસ્તાનના આકાઓ સાથે પ્રાર્થના સ્થળો સહિત મહત્વના પ્રતિષ્ઠાનોના વીડિયો શેર કર્યા હતા. એક અન્ય મામલે પોલીસે જમ્મુના નગરોટાથી એક પિસ્તોલ ચોરી કરનારા અપરાધીની ધરપકડ કરી. મોહમ્મદ મુસ્તાક ઉર્ફે ગુંગીએ હાલમાં જ મીરાન સાહેબ વિસ્તારમાં એક વ્યક્તિ પાસેથી હથિયાર છીનવી લીધા હતા અને ફરાર થયો હતો. ચોરી કરાયેલી પિસ્તોલ પણ મળી આવી છે.